# ૨૧ ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય ભાષાદિન ઉજવીએ

૧૯૯૯ નવેમ્બરમાં યુનેસ્કો એ માતૃભાષા ઉજવવાનું નક્કી કર્યું. જે ફેબ્રુઆરી ૨૦૦૦ થી દર વર્ષે મનાવવામાં આવે છે. જે પાછળનો મુખ્ય ઉદેશ ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવું. દુનિયાની ૭૦૦૦થી પણ વધુ ભાષામાંથી અડધી ખલાસ થવાની તૈયારીમાં છે ત્યારે જે ભાષા લઘુમતિમાં છે તેના સંરક્ષણ માટે, દુનિયાની વિવિધ સંસ્કૃતિ ધરાવતા લોકો વચ્ચે સંવાદ અને સંપર્ક સાધવા તથા તેમને સમજવા માટે. દરેક સમાજની મૂર્ત કે અમૂર્ત ધરોહરને જીવંત રાખવા માટેનું સક્ષમ સાધન જો કોઇ હોય તો તે માતૃભાષા છે. આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ એ હકીકતમાં માતૃભાષા માટે આંદોલન દિવસ છે. એકવીસમી ફેબ્રુઆરી જ કેમ અને શા માટે આંદોલન દિવસ. તો તેનું કારણ છે, ૧૯૫૨ માં પોતાની માની ભાષા-બંગાળી ભાષાના ઉપયોગના અધિકાર માટે આંદોલન કરતાં ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પર પાકીસ્તાની સેના અને ઢાકા પોલીસે ગોળીઓ છોડીને અબુલ બરકાત, રફિકુદ્દીન અહમદ, સફલુર રહેમાન, અબ્દુલ જબ્બર ચાર વિદ્યાર્થીઓને મારી નાંખવામાં આવેલા તેમની યાદમાં આ દિવસ નક્કી કરવામાં આવેલ છે.

૧૯૪૭માં ભારત અને પાકિસ્તાન જુદા પડયા બાદ પૂર્વ પાકિસ્તાનના લોકો માનતા હતા કે તેમનું રાજકીય, સામાજિક , આર્થિક અને સાંસ્કૃતિક રીતે પશ્ચિમ પાકિસ્તાન દ્વારા શોષણ થઇ રહયું છે. ૨૧ માર્ચ ૧૯૪૮ માં મહમંદ અલી ઝીણાએ જાહેરાત કરેલી કે પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાન માટે ઉર્દૂ ભાષા જ રાષ્ટ્રીય-બંધારણીય ભાષા બની રહેશે. તથા સરકારીપત્રો, પોસ્ટકાર્ડ વગેરે પર ઉર્દૂ કે અંગ્રેજીમાં જ છાપકામ કરવું. તેમાં બળતામાં ઘી હોમાયું. પ્રધાનમંત્રીશ્રી ખ્વાજા નિઝુમિદ્દીન ને ફરીથી કહ્યું કે, પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાનમાં ઉર્દૂ જ રાજ્યભાષા બનશે. પૂર્વપાકિસ્તાન ( આજનું બાગ્લાદેશ) ના લોકો કે જેમાંથી ૫૬% ની મુખ્ય ભાષા બંગાળી હતી તેમણે આ જાહેરાતનો વિરોધ કરેલ. જે માટે તેમણે ૨૧ ફેબ્રુઆરી ૧૯૫૨ – બંગાળી કેલેન્ડર મુજબ ૮ ફાલ્ગુન ૧૩૫૯ ના રોજ ઢાકામાં વિરોધ પ્રદર્શિત કરવા રેલીનું આયોજન કરેલ. જેની સામે પોલીસ અને સેનાએ કરફ્યુ લાદી દીધેલ. આંદોલનને કચડવા સરકારનો હુકમ થયો. હજારો લોકોની ધરપકડ થઇ, લાઠીચાર્જમાં હજારો લોકો ઘવાયા અને બપોરના સમયે ચાર વિદ્યાર્થીઓને સેના-પોલીસે ગોળી મારીને મારી નાંખ્યા. ત્યારથી બાંગલાદેશમાં આ દિવસને શહીદદિન તરીકે ઉજવવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૯-૧૯૫૬ થી પૂર્વપાકિસ્તાનમાં બંગાળી ભાષાને માન્યતા આપવામાં આવી. ત્યારબાદ ૧૯૭૧માં બાંગ્લાદેશનું સર્જન થયું.

શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે શહીદદિનની યાદમાં બાંગલાદેશમાં શહીદ મીનાર સ્મારક ઢાકામાં બનાવવામાં આવ્યું. જે બનાવવા ત્રણવાર પ્રયત્નો થયેલા. પ્રથમ પ્રયત્ન ૨૨-૨૩ ફેબ્રુઆરી ૧૯૫૨ માં કરેલ, પરંતુ પોલીસ અને સૈન્યએ તેનો નાશ કરેલ ત્યારબાદ બીજો પ્રયત્ન ૧૯૫૭ નવેમ્બરમાં કરવામાં આવેલ, પરંતુ માર્શલ લોને કારણે કામ બંધ કરવું પડેલ અને ૧૯૭૧ માં બાંગલદેશ મુક્તિ યુદ્ધમાં ત્રીજો પ્રયત્ન શરૂ કરેલ. જેમાં સંગેમરમના ચાર સ્તંભ ઊભા કરેલ છે. જે ચાર શહીદોની યાદ અપાવે છે. ઉપરાંત વચ્ચેનો સ્તંભ અને માતૃભૂમિની યાદ અપાવે છે. બાંગ્લાદેશે યુનેસ્કોને ૨૧ ફેબ્રુઆરીને માતૃભાષાદિન તરીકે ઉજવવાનો પ્રસ્તાવ મોકલ્યો હતો. આ પ્રસ્તાવને ઇટાલી, ઇન્ડોનેશિયા, ઓમાન, કોમોરોસ, જામિબ્યા, ચિલી, ડોમિનિકન ગણરાજ્ય, પાકિસ્તાન, પેરાગુયા, ફિલિપિન્સ, બહામા, બેનિન, ભારત, મલેશિયા, રશિયા, શ્રીલંકા, સઉદી અરબ વગેરે દેશોએ ટેકો આપેલ.

૨૦૦૦ ના વર્ષથી અત્યાર સુધી યુનેસ્કોએ યોજેલ વિશિષ્ટ કાર્યક્રમની નોંધ લઇએ. ૨૦૦૦ આંતરરાષ્ટ્રીય માતૃભાષાદિનનું ઉદ્ઘાટન,૨૦૦૦ બીજો વાર્ષિક ઉત્સવ, ૨૦૦૨ માં ૩૦૦૦ ભાષાની વિવિધતા મુશ્કેલીમાં ( સૂત્ર : ભાષાની આકાશગંગામાં દરેક શબ્દ તારા સમાન છે ) ૨૦૦૪ બાળકોના શિક્ષણમાં યુનેસ્કો ( દુનિયાભરના બાળકોની

વર્ગખંડમાં લખવાની અને તેમાં પારંગત થવાના કૌશલ્યને જાણવા માટેનો અભ્યાસ અને બાળકોની સ્વાધ્યાય પુસ્તિકાનું અજોડ પ્રદર્શન )

૨૦૦૫ બ્રેઇલ અને સાઇન લેન્ગવેજ, ૨૦૦૬ ભાષાઓ અને સાયબરસ્પેશ, ૨૦૦૭ બહુભાષી શિક્ષણ, ૨૦૦૮ બહુવિધ શિક્ષણ, ૨૦૧૦ સાંસ્કૃતિક ભાઇચારા માટેનું આંતરરાષ્ટ્રીય વર્ષ ( આ દિવસે રવિવાર હોવાથી શાળા-કોલેજો પછીના બે દિવસ ૨૨-૨૩ ફેબ્રુઆરીએ માતૃભાષા દિવસ ઉજવાયો હતો

પહેલાં લોકો પોતાની માતૃભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે આંદોલન કરતાં અને ત્યારે સરકાર સામે પડતી. આજે તેનાથી ઉલ્ટું થતું જોવા મળે છે, સરકાર માતૃભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે પ્રયત્નો કરે છે, સમાજનો સહકાર માંગે છે ત્યારે કેટલાક લોકો તેનાથી દૂર ભાગે છે. સ્વીડન જેવા દેશમાં તો ત્યાંની સરકાર પોતાના દેશમાં વિવિધ પ્રદેશમાંથી આવેલા લોકો તેમજ નવી પેઢી પોતાની માતૃભાષા શીખે તે માટે ખાસ પ્રયાસો કરે છે. વ્યક્તિના વૈયક્તિક વિકાસ માટે તેમજ સંસ્કૃતિના સંરક્ષણ અને સંવધ્રન માટે માતૃભાષા જરૂરી છે. માતૃભાષાનો ઉપયોગ કરવો, સંરક્ષણ અને સંવર્ધન કરવું, ગૌરવ વધારવું તે દરેક વ્યક્તિનો હક્ક છે, તો અન્યની માતૃભાષાને સન્માન આપવું તે પણ દરેકની ફરજ છે. માતૃભાષા માટે ગૌરવ હોય, પણ ઝનુન ન પોષાય. યુનેસ્કોએ માતૃભાષાદિન ઉજવવા કરેલ નિર્ણય પરથી જ ખ્યાલ આવે છે કે, વ્યકિતના જીવનમાં મતૃભાષાનું મહત્ત્વ અનન્ય છે. આમછતાં આજનો ગાંડોઘેલો આમઆદમી પણ માતૃભાષા કરતાં અન્ય ભાષાને પોતીકી ભાષા કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે બાવાના બેય બગડે છે. દુનિયાને જાણવા અન્યભાષાનો ઉપયોગ કરવો જ પડશે, પરંતુ દુનિયાને સમજવા અને સમજાવવા માતૃભાષા જ તમારો સાથ નિભાવશે. અન્યભાષા પાંખ બની શકે, પણ આંખ ન જ બની શકે. આ વિધાન સમજીને આચરણમાં મૂકવું વધારે ડહાપણભર્યું છે. માટે તો દરેક દેશ- રાજ્યમાં વિવિધ માતૃભાષા ધરાવતી શાળાઓ સરકાર ઊભી કરે છે. માતૃભાષાનું મહત્ત્વ સમજાયું હોય અને તમારા હૃદયમાં પરિવર્તન આવ્યું હોય તો ૨૧ ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય માતૃભાષાના દિવસે તમારી માતૃભાષા માટે કશુંક કરીને સહેજ ઋણ ઉતારવાનો પ્રયત્ન કરો. શાળાઓમાં કેવા પ્રકારના કાર્યક્રમો રાખવા તેનું માર્ગદર્શન આપતી માહિતી દરેક શાળાઓ સુધી પહોંચાડવાનો સુંદર પ્રયત્ન “ગુજરાતી ભાષા સંવર્ધન અભિયાન સમિતિ” દ્વારા કરવામાં આવેલ છે. જે વાત સૌ ગુજરાતી પ્રજાએ વધાવવા જેવી છે. અન્ય ગુજરાતી પ્રેમી વ્યક્તિ પોતાના ઘેર રહીને પણ પોતાની આદર્શ ભૂમિકા બજાવી શકે. જેમ કે, ગુજરાતી ગીતો સાંભળી અને સંભળાવીને, બાળકને વાર્તા કહો, તમે વાંચેલ કે સાંભળેલ વાર્તા, ગીતો, ભજન વગેરેને ગણગણો. કોઇ બે-ત્રણ કવિ કે લેખકને યાદ કરી તેમનો પરિચય મેળવો. ગુજરાતી સાહિત્યના બે પુસ્તકો ખરીદને વાંચો અને વંચાવો. મિત્રો સાથે ગુજરાતી ભાષાના ગૌરવ વિશે ચર્ચા કરો આ માટે મિત્રોને પોતાના ઘેર આમંત્રી શકાય, સારા પુસ્તકાલયમાં જઇને ગુજરાતી સાહિત્ય વાંચો, સારા ગુજરાતી સામાયિકનું લવાજમ ભરો.આવી અનેક બાબતમાંથી એકાદ બાબત કરીને ગુજરાતી માતૃભાષાનું ઋણ અદા કરવાનો પ્રયત્ન કોઇ કરશે તો ભયોભયો.

**ઢાકામાં આવેલ શહીદ મીનાર સ્મારકનું ચિત્ર મૂકી શકાય. .............** **dr.ashokpatel@in.com**